# હજ-ઉમરાએ મુફરદા-ઝિયારતના

## એહકામ અને આદાબ


| | |
|---|---|
| ૧. હજના એહકામ ઉડતી નજરે | ૦૨ |
| ૨. તલબીયા | ૧૪ |
| ૩. હાઈઝ માટે હજના એહકામ | ૧૫ |
| ૪. ઉમરએ મુફરદાના એહકામ | ૨૦ |
| ૫. માસુમીન અ.ની ઝિયારતના આદાબ | ૨૯ |
| ૬. સફરના આદાબ | ૩૨ |
| ૭. મક્કાની ઝિયારતોની યાદી | ૩૯ |
| ૮. મદીનાની ઝિયારતોની યાદી | ૪૦ |
| ૯. ઈરાનની ઝિયારતોની યાદી | ૪૨ |
| ૧૦. ઈરાકની ઝિયારતોની યાદી | ૪૪ |
| ૧૧. સીરિયાની ઝિયારતોની યાદી | ૪૭ |



**સંકલન**

**મોહસીનઅલી (મેતા)**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા**

**મો.૯૮૯૮૩૬૯૦૮૯ E-mail: mohak_110 Yahoo.co.in**




https://downloadshiabooks.com/

**બેઈસ્મેહી સુબ્હાનહુ તઆલા**

# હજના એહકામ ઉડતી નજરે

**વાજીબ હજના બે ભાગ છે.**

**(એ) ઉમરા-એ-તમત્તોઅ (બી) હજ્જે તમત્તોઅ**

**(એ) ઉમરા-એ-તમત્તોઅમાં પાંચ વસ્તુઓ વાજીબ છે.**

**(૧) અહેરામ (૨) તવાફ (૩) તવાફની નમાઝ (૪) સઈ (૫) તકસીર**

## (એ-૧) અહેરામ: એહરામની મીકાત:

*(૧) મસ્જીદે શજરા: મદીનાથી મક્કા જવાવાળાઓ માટે મદીનાની બહાર (૨) જોહફા: વિમાન માર્ગે જીદ્દા જવાવાળાઓ માટે (૩) મસ્જીદે આઈશા/તન્ઈમ: હજ્જે મુફર્રેદા માટે (૪) મક્કા: હજ્જે તમત્તોઅ માટે નજરના કારણે પોતાના વતનથી અથવા મીકાતની પહેલાં કોઈ પણ જગ્યાએથી અહેરામ બાંધી શકાય છે. તે સિવાય મીકાતની પહેલાં કે પછી અહેરામ બાંધવો જાએઝ નથી.*

**અહેરામમાં ત્રણ વસ્તુઓ વાજીબ છે. (૧) નિયત (૨) તલબીયા (૩) અહેરામના બે કપડા**

**(૧) નિયત:** *જેના માટે અહેરામ બાંધે તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. જેમ કે,* **હજ્જે ઈસ્લામના વાજીબ ઉમરા-એ-તમત્તોઅ માટે અહેરામ બાંધું છું કુરબતન એલલ્લાહ.**



https://downloadshiabooks.com/

**(૨) તલબીયાઃ** *અહેરામ બાંધીને નિયત કર્યા પછી દરેક હાજીએ એક વખત તલબીયાના શબ્દો ઉચ્ચારવા વાજીબ છે. તલબીયા આ મુજબ પઢે.* **લબ્બૈક, અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક, લા શરીક લક લબ્બૈક.** *તલબીયાના આ શબ્દો દરેક હાજી વધુમાં વધું ઉચ્ચારે એટલે સુધી કે જુના મક્કાના ઘરો દેખાવા લાગે ત્યારે તલબીયા પઢવાનું બંધ કરે.*

**(૩) અહેરામના બે કપડાઃ** *ચાદર અને લુંગી પહેરવી વાજીબ છે. પુરૂષોએ દુંટીથી સાથળ સુધીનો ભાગ લુંગીથી ઢાંકવો જરૂરી છે. ચાદર એવડી હોય કે બંને ખભા, બંને બાજું અને કમરનો મોટો ભાગ છૂપાવી લે. આ બંને કપડાં અહેરામની નિયત પહેલાં પહેરે. આ બંને કપડાં સીવાય પુરૂષ અન્ય કપડા ન પહેરે. સ્ત્રીઓ માટે અહેરામ વપરાશના કપડાં છે. એ કપડા સુતરાઉ અને સફેદ હોય તો વધારે સારૂં. શરીર દેખાય તેટલું ઝીણું ન હોવું જોઈએ. સ્રીઓને ચહેરો અને હથેળી સિવાય આખું શરીર ઢંકાએલું હોવું જોઈએ.અહેરામ પહેર્યા પછી બે અથવા છ રકાત નમાઝ પઢવી સુન્નત છે. કોઈ પણ વાજીબ નમાઝ પછી પણ અહેરામ પહેરી શકાય છે.*

**અહેરામ પહેરનાર પર પચ્ચીસ (૨૫) વસ્તુંઓ હરામ છે.**

*(૧) જમીન પરના જાનવરનો શિકાર (૨) સંભોગ (૩) સ્ત્રીને ચૂંબન કરવું (૪) સ્ત્રીને સ્પર્શ કરવો (૫) સ્ત્રીને જોવી અને ચેનચાળા કરવા (૬) વીર્ય સ્ખલન (૭) નિકાહ કરવા (૮) સુગંધ લગાવવી (૯) પુરૂષોએ સીવેલા કપડા પહેરવા (૧૦) સુરમો લગાવવો (૧૧) અરીસો જોવો (૧૨) પુરૂષોએ બંધ જોડા કે મોજા પહેરવા (૧૩) જૂઠુ બોલવું, ગાળો બોલવી, બડાઈઓ મારવી યા ગેર વર્તણૂંક કરવી (૧૪) લડાઈ ઝઘડો કરવો (૧૫) શરીર પરની જૂ મારવી (૧૬) શણગાર કરવો (૧૭) શરીર પર તેલ ચોપડવું (૧૮) શરીરના*



https://downloadshiabooks.com/

વાળ સાફ કરવા (૧૯) પુરૂષોએ માથું ઢાંકવું, સ્ત્રીઓ-પુરૂષો પાણીમાં માથું ડૂબાડવું (૨૦) સ્ત્રીઓએ ચહેરો છૂપાવવો (૨૧) પુરૂષોએ છાંયડામાં રહેવું (૨૨) શરીરમાંથી લોહી કાઢવું (૨૩) નખ કાપવા (૨૪) દાંત કાઢવા/કઢાવવા (૨૫) હથિયાર લઈને ચાલવું.

**અહેરામમાં ૧૦ (દસ) વસ્તુંઓ સુન્નત છે.**

(૧) બદનને પાક-સાફ કરવું. નખ, મૂંછ, બગલના વાળ અને દૂંટી નીચેના વાળ સાફ કરવા. (૨) મીકાત પર અહેરામના કપડાં પહેરવા પહેલા ગુસ્લ કરવું. (૩) ગુસ્લ વખતે દુઆ પઢવી. (૪) પહેલી ઝીલ્કાદથી માથા અને દાઢીના વાળ ન કાપવા (૫) ઝોહરની નમાઝ બાદ અહેરામ બાંધે. અન્ય કોઈ નમાઝના સમયે અહેરામ બાંધવાનો ઈરાદો હોય તો નમાઝ પુરી થયા પછી બાંધે. યા બે રકાત સન્નતની નિયતથી પઢીને બાંધે. અહેરામ બાંધતી વખતે દુઆ પઢે. (૬) અહેરામ સુતરાઉ હોય (૭) નિયત માટે મોંઢેથી ઉચ્ચાર કરે. અહેરામ બાંધ્યા બાદ વારંવાર તલબીયા પઢે. (૮) તલબીયા બાદ દુઆ પઢે. (૯) પુરૂષો તલબીયા મોટા અવાજે પઢે. (૧૦) ઊંઘમાંથી જાગીને, દરેક વાજીબ અને સુન્નત નમાઝ બાદ, જયાં ઠહેરે ત્યાં, ટેકરીઓ ચઢતાં અને ઉતરતાં તલબીયા પઢવું સુન્નત છે.

**અહેરામમાં દસ વસ્તુંઓ મકરૂહ છે.**

(૧) અહેરામમાં કાળા યા રંગીન કપડાં પહેરવાં. (૨) પીળા રંગના બીસ્તર યા તકીયા પર સૂવું. (૩) મહેંદી લગાવવી. (૪) સ્નાન વખતે શરીરને વધું પડતું ચોળવું. (૫) કોઈ બોલાવેતો જવાબમાં લબ્બૈક કહેવું. (૬) ઠંડા પાણીથી બદન ધોવું. (૭) ઘસીને દાતણ કરવું. (૮) જખ્મી થાય તેવા કામ કરવા. (૯) શેર-શાયરી કરવી. (૧૦) માથા યા શરીરને ખત્મી યા બોરથી ધોવું.

**(એ-૨) તવાફઃ તવાફમાં પાંચ શરતો હોવી જરૂરી છે.**



https://downloadshiabooks.com/

**(૧) નિયતઃ** *જેના માટે તવાફ કરવાનો હોય તેની નિયત કરવી જરૂરી છે. જેમ કે* **હજજે ઈસ્લામના વાજીબ ઉમરાએ તમત્તોઅ માટે ખાનએ કાબાની ફરતે સાત ચક્કર લગાવું છું કુરબતન એલલ્લાહ.**

**(૨) શરીર અને કપડાની તહારતઃ** *નજીસ કપડા કે નજીસ શરીરમાં તવાફ સહીહ નથી. પુરા તવાફ દરમિયાન કપડા અને શરીર પાક હોવું જરૂરી છે.*

**(૩) હદસે અકબર-હદસે અસગરથી પાક હોવુંઃ** *તવાફ દરમિયાન શરૂઆતના ચાર ચક્કર દરમિયાન હદસ થઈ જાય તો તવાફ બાતીલ થઈ જશે. એટલે કે પાક થયા પછી ફરી તવાફ કરે. ચાર ચક્કર પુરા થયા બાદ હદસ થઈ જાય તો તવાફ તોડી નાખે અને પાક થયા બાદ જયાંથી તવાફ તોડ્યા હોય ત્યાંથી તવાફ શરૂ કરી બાકીના ચક્કર પુરા કરે.*

**(૪) પુરૂષોએ ખત્ના કરેલ હોવું જરૂરી છેઃ** *ખત્ના વગર તવાફ સહીહ નથી.*

**(૫) ગુપ્તાંગો છૂપાવવાઃ** *નમાઝમા જેટલા પ્રમાણમાં ગુપ્તાંગો (શરમગાહ) છૂપાવવા વાજીબ છે. તેટલા પ્રમાણમાં આખા તવાફ દરમિયાન ગુપ્તાંગો છૂપાવવા વાજીબ છે.*

**તવાફમાં આઠ વસ્તુઓ વાજીબ છે.**

*(૧),(૨) દરેક ચક્કરને હજરે અસ્વદથી શરૂ કરી તેના પર ખતમ કરે. (૩) તવાફ કરતી વખતે ખાનએ કાબાને પોતાની ડાબી બાજુ રાખવો. કોઈ પણ કારણાસર કાબા તરફ મોં અથવા પીઠ થઈ જાય તો એટલો ભાગ તવાફમાં ગણાશે નહિ. (૪) હજરે ઈસ્માઈલને તવાફમાં ભેળવવો. એટલે કે હજરે ઈસ્માઈલની બહારથી તવાફ કરવો. (૫) કાબાની દિવાલ અને તેની આજું બાજુના ચબૂતરા ઉપર તવાફ ન કરે, પરાસાળ તેનાથી થોડેક દૂરથી તવાફ કરે. (૬) કાબાની ફરતે શરતોનુસાર સાત ચક્કર લગાવવા. સાત ચક્કરથી ઓછા*



https://downloadshiabooks.com/

*કે વભારે ચકકર  લગાવશે તો તવાફ બાતિલ થશે. (૭) કાબાની ફરતે સાત ચક્કર એક પછી એક ક્રમવાર લગાવે. વચ્ચે વધારે પડતો આરામ ન કરે. યા રોકાય નહિ. (૮) પોતાની મેળે તવાફના ચક્કર લગાવે. ભીડ યા અન્ય કોઈ કારણોસર બીજાના ધક્કાથી યા બીનઅખત્યારથી આગળ વધે તો એ સહીહ નથી. ઓલમાઓમાં મશહુર છે કે, કાબા અને મકામે ઈબ્રાહીમની વચ્ચે ચક્કર લગાવે. જો એ અતિશય કષ્ટદાયક હોય તો જ બહારથી ચક્કર લગાવે. તે સિવાય નહિ.*

**તવાફમાં નીચેની બાબતો સુન્નત છે.**

*(૧) તવાફ ઉઘાડા માથે અને ઉઘાડા પગે કરે. (૨) તવાફ વખતે અલ્લાહનો ઝીક્ર કરે, તવાફની દુઆઓ પઢે. ફુઝુલ વાતો ન કરે. પોતાની હાજતો માગે. (૪) ખાનએ કાબાના દરવાજા સામે પહોંચે ત્યારે તુરંત દુઆઓ પઢે.*

**(એ-૩) તવાફની નમાઝઃ**

*તવાફ પુરો થયા પછી તરત જ તવાફની બે રકાત નમાઝ સહીહ ઉચ્ચાર સાથે મકામે ઈબ્રાહીમની પાછળ નજીકમાં પઢે. જો આ શક્ય ન હોય તો શક્ય તેટલી નજીક પઢવા કોશીશ કરે. મજબૂરીના કારણે તવાફની નમાઝ મકામે ઈબ્રાહીમથી દૂર પઢી હોય તો જો સઈ કરતાં પહેલાં નજીકમાં નમાઝ પઢવાની તક મળે તો ફરી નમાઝ પઢે. આ નમાઝ ફજરની નમાઝની જેમ પઢવામાં આવે છે. જાણી જોઈને તવાફની નમાઝ ન પઢનારની હજ બાતિલ છે. નિયત કરે કે,* **હજજે ઈસ્લામના વાજીબ ઉમરાએ તમત્તોઅ માટે તવાફની નમાઝ પઢું છું કુરબતન એલલ્લાહ.**

**તવાફની નમાઝમાં નીચેની બાબતો સુન્નત છે.**



https://downloadshiabooks.com/

(૧) નમાઝે તવાફમાં પહેલી રકાતમાં સુરએ હમ્દ પછી સુરએ કુલ્હો વલ્લાહ પઢે. બીજી રકાતમાં સુરએ હમ્દ પછી સુરએ કુલ યા અય્યોહન કાફેરૂન પઢે.
(૨) નમાઝ બાદ સલવાત અને દુઆઓ પઢે.

## (એ-૪) સઈ:

તવાફની નમાઝ પછી સફા અને મરવા વચ્ચે સઈ કરવી વાજીબ છે. નિયત કરે કે, **હજજે ઈસ્લામના વાજીબ ઉમરાએ તમત્તોઅ માટે સફા મરવા વચ્ચે સાત ચક્કર લગાઉ છું કુરબતન એલલ્લાહ.** સઈમાં સાત ચક્કર છે. પહેલું ચક્કર સફાથી શરૂં કરી મરવા પર અને બીજું ચક્કર મરવાથી શરૂં કરી સફા પર પુરૂં થાય છે. એમ સાતમું ચક્કર મરવા પર પુરૂં થશે. આ ચક્કર નિયત જગ્યાએથી જ કરવામાં આવે. અન્ય કોઈ જગ્યાએથી ચક્કર લગાવશે તો સઈ બાતિલ થશે. મરવા તરફ જતાં મરવા સામે અને સફા તરફ જતાં સફા સામે હોવું જરૂરી છે. સાત ચક્કર એક પછી એક લગાવે. વચ્ચે વધારે પડતો આરામ ન કરે. જાણી જોઈને સઈના ચક્કરોમાં વધરો ઘટાડો કરશે તો સઈ બાતિલ થશે.

## સઈમાં નીચેની બાબતો સુન્નત છે.

(૧) જે કોઈ સઈ કરવા ચાહે તે હજરે અસ્વદ પાસે જઈને બોસા આપે. શરીર અને હાથથી તેને સ્પર્શ કરે. યા ઈશારો કરે. (૨) પછી આબે ઝમઝમ પાસે જઈ થોડુંક પાણી માથા, પેટ શરીર પર નાખે. થોડુંક પીએ. પછી દુઆ પઢે. (૩) ત્યારબાદ સફા પર જઈ ખાનએ કાબા તરફ નજર કરી અલ્લાહના વખાણ કરી દુઆ માગે. (૪) સઈ દરમિયાન હરવલાવાળી જગ્યાએ તેજ ગતિથી દોડે. સ્ત્રીઓએ ત્યાં દોડવાનું નથી. (૫) સઈ વખતે રોઈને દુઆઓ માગે.

## (એ-૫) તકસીર:



https://downloadshiabooks.com/

સઈ પછી તરત જ તકસીર કરે. એટલે કે હાજી પોતાના માથા યા દાઢી યા મૂંછના થોડાક વાળ કાપે. નિયત કરે કે, **હજ્જે ઈસ્લામના વાજીબ ઉમરાએ તમત્તોઅના અહેરામ ઉતારવા માટે તકસીર કરૂં છું કુરબતન એલલ્લાહ.** ઉમરાએતમત્તોઅમાં માથું મૂંડાવવું હરામ છે. તકસીર કોઈ પણ જગ્યાએ કરી શકાય છે. ચાહે સઈની જગ્યાએ કરે યા ઘેર યા અન્ય કોઈ જગ્યાએ. જો કોઈ ભૂલથી પણ માથું મૂંડાવશે તો કફ્ફારો લાગું પડશે. જો કોઈ જાણી જોઈને તકસીર છોડી દેશે તો ઉમરાએ તમત્તોઅ બાતિલ થશે. તકસીર કર્યા પછી અહેરામના કારણે જે વસ્તુંઓ હરામ થઈ હતી તે હલાલ થઈ જશે.

**(બી) હજ્જે તમત્તોઅઃ**

**હજ્જે તમત્તોઅમાં ૧૩ વસ્તુંઓ વાજીબ છે.**

(૧) અહેરામ (૨) અરફાઅમાં રોકાવું. (૩) મુઝદલફામાં રોકાવું. (૪)મોટા શયતાનને કાંકરીઓ મારવી. (૫) કુરબાની કરવી. (૬) માથું મૂંડાંવવું. (૭) તવાફે કાબા (૮) તવાફની નમાઝ (૯) તવાફુન્નિસા (૧૦) નમાઝે તવાફુન્નિસા (૧૧) સઈ (૧૨) ૧૧મી અને ૧૨મી રાતના મીનમાં વીતાવવી. (૧૩) ત્રણેય શયતાનને કાંકરીઓ મારવી.

**(બી-૧) અહેરામઃ** હજ્જે તમત્તોઅમાં અહેરામ આઠમી ઝિલ્હજના મધ્યાન્હના સમયે બાંધવ બહેતર છે. તે પહેલાં પણ સંજોગવસાત બાંધે તો કોઈ હરજ નથી. આ એહરામ બાંધવા માટે શ્રેષ્ઠ જગા મસ્જીદુલ હરામ છે. મુસ્તહબ છે કે મકામે ઈબ્રાહીમ યા હજરે ઈસ્માઈલમાં બે રકાત નમાઝ પઢયા પછી અહેરામ બાંધે. ઉમરાએ તમત્તોઅ અને હજ્જે તમત્તોઅમાં અહેરામની વાજીબ તથા હરામ ચીજો એક જ છે. નિયત આ મુજબ કરે, **હજ્જે**



https://downloadshiabooks.com/

**ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે અહેરામ બાંધું છું કુરબતન એલલ્લાહ.**

**(બી-૨) અરફાતમાં રોકાવું:** *નવમી ઝિલ્હજના મધ્યાન્હની શરૂઆતથી સૂર્યાસ્ત સુધી અરફાતમાં રોકાવું વાજીબ છે. જાણી જોઈને સૂર્યાસ્તની પહેલાં અરફાતમાંથી બહાર નીકળવું હરામ છે. નિયત આ મુજબ કરે,* **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે મધ્યાન્હથી સૂર્યાસ્ત સુધી અરફાતમાં રોકાઉં છું કુરબતન એલલ્લાહ.**

**અરફાતમાં નીચેની બાબતો સુન્નત છે.**

*(૧) નિમરા જે અરફાત સાથે જોડાએલ છે અને પહાડની ડાબી બાજું નીચેની તરફ જયાં સમતળ જમીન છે ત્યાં ઠહેરે. પહાડ પર જવું મકરૂહ છે. (૨) પોતાના સાથીઓ ભેગા એક જગાએ ઠહેરે. (૩) તહારતની સાથે રહે. (૪) ગુસ્લ કરે. (૫) જે વસ્તુંઓ અલ્લાહતઆલાની યાદમાં રૂકાવટ કરતી હોય તેનાથી દૂર રહે. (૬) નમાઝે ઝોહર-અસરને અવ્વલ સમયે એક અઝાન અને બે એકામાહની સાથે અદા કરે. (૭) નમાઝ બાદ ઉભા થઈને ખૂબ જ દુઆઓ માગે. (૮) અરફાતમાં વધુમાં વધુ સમય ઉભા રહીને શક્ય તેટલી વધારે ખુદાની ઈબાદત કરે. વધું પડતું બેસું રહેવું મકરૂહ છે. (૯) કિબ્લા રૂખ રહી નિયત આમાલો અને દુઆઓ પઢે. (૧૦) જે ચાહે તે દુઆ માગે, શયતાનથી રક્ષણ માગે, ઈસ્તિગ્ફાર કરે, ખૂબ રડી રડીને દુઆઓ માગે. પોતાના માટે અને પોતાના મા-બાપ, કુટુંબીજનો માટે મોમીન મોમેનાત માટે દુઆઓ માંગે. (૧૧) સહીફએ કામેલામાંથી ઈમામે ઝયનુલ આબેદીન અ. અને ઈમામે હુસૈન અ.ની દોઆએ અરફાઅ પઢે.*

**(બી-૩) મુઝદલફામાં રોકાવું:** *મુઝદલફાને મશઅરૂલ હરામ પણ કહે છે. હાજીએ અરફાતમાંથી સૂર્યાસ્ત પછી નીકળી ઈદની રાતથી સૂર્યોદય સુધી*



https://downloadshiabooks.com/

*મુઝદલફામાં રોકાવું વાજીબ છે. નિયત આ મુજબ કરે,* **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે ઈદની રાતથી સૂર્યોદય સુધી મુઝદલફા (મશઅરૂલ હરામ)માં રોકાઉ છું કુરબતન એલલ્લાહ.**

**મુઝદલફામાં નીચેની બાબતો સુન્નત છે.**

*(૧) અરફાતમાંથી મુઝદલફામાં બહુ જ ધીર ગંભીર, શાંતિની સાથે પગે ચાલીને આવે. ઈસ્તિગ્ફાર કરતાં જાય, વાહનમાં હોય તો વાહન ધીમે ધીમે ચલાવે. કોઈને તકલીફ ન પહોંચાડે. (૨) લાલ ટેકરા પાસેથી પસાર થાય તો જમણી તરફ ચાલે અને દુઆઓ પઢે. (૩) મગરીબ ઈશાની નમાઝ એક સાથે ફાસલા વગર અને એક અઝાન સાથે બે એકામાહ સાથે મુઝદલફામાં પઢે. ભલે રાત્રે મોડું થાય. અગર અડધી રાત સુધીમાં મુઝદલફામાં ન પહચે તો જયાં હોય ત્યાં નમાઝ પઢી લે. (૪) આખી રાત અલ્લાહની ઈબાદતમાં પસાર કરે. દરેક માટે દુઆઓ માગે. (૫) શયતાનને મારવા માટેની કાંકરીઓ મુઝદલફાથી વીણે. (૬) મીના માટે સવારે રવાના થાય તો ધીર-ગંભીર સાથે અલ્લાહનો ઝીક્ર અને ઈસ્તિગ્ફાર કરતાં કરતાં પગે ચાલીને જાય. (૭) વાદીએ મોહસ્સર પહોંચે ત્યારે હરવલા કરે. (ઉતાવળા પગે ચાલે.) અને દુઆઓ પઢે.*

**(બી-૪ ) મોટા શયતાનને કાંકરીઓ મારવીઃ** *ઈદના દિવસે મોટા શયતાનને નીચે જણાવેલ શરતોને આધીન સાત કાંકરીઓ મારવી વાજીબ છે. નિયત આ મુજબ કરે* **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે મોટા શયતાનને સાત કાંકરીઓ મારૂં છું કુરબતન એલલ્લાહ.**

*(૧) શયતાનને સાત કાંકરીઓ મારે. તેનાથી ઓછી કે વધારે કાંકરીઓ ના મારે. (૨) કાંકરી સિવાય કોઈ અન્ય વસ્તુંનો ઉપયોગ ન કરે. (૩) કાંકરીઓ એક એક કરીને મારે. એકથી વધારે ભેગી કરીને ના મારે. (૪) જે કાંકરી*



https://downloadshiabooks.com/

શયતાનને લાગે તે જ કાંકરી ગણતરીમાં લે. શયતાનને જે કાંકરી ના લાગે તે ગણતરીમાં ના લે. (૫) કાંકરી ફેંકીને શયતાનને મારે. માત્ર શયતાન પર કાંકરી મૂકી દેવી પૂરતી નથી. (૬) કાંકરી સીધી શયતાનને લાગવી જોઈએ. કોઈને અથડાઈને શયતાનને વાગે તો એ ગણતરીમાં ના લે. (૭) ડાબા હાથમાં કાંકરીઓ પકડી રાખે. અને જમણા હાથથી જ શયતાનને કાંકરી મારે. પગ યા અન્ય કોઈ અવયવથી શયતાનને કાંકરી મારે તો પુરતી નથી. (૮) કાંકરીઓ મશઅરૂલ હરામ(મુઝદલફા)માંથી વીણવામાં આવે. સુન્નત છે કે પત્થર રંગીન અને નરમ હોય. આંગળીના વેંઢા બરાબર હોય. (૯) અસલ શયતાનને કાંકરી મારે. વધારવામાં આવેલ શયતાનને કાંકરીઓ મારવી એ પુરતી નથી. (૧૦) કાંકરીઓ મારતી વખતે દુઆ પઢવી સુન્નત છે. (૧૧) મોટા શયતાનને કાંકરીઓ મારતી વખતે કિબ્લાની તરફ પીઠ રહે.અને શયતાનની તરફ મોં રહે.

**(બી-૫) કુરબાનીઃ** ઈદના દિવસે મોટા શયતાનને કાંકરીઓ માર્યા પછી મીનામાં કુરબાની કરવી વાજીબ છે. નિયત આ મુજબ કરે, **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે કુરબાની કરૂં છું કુરબતન એલલ્લાહ.** મીનામાં કુરબાની કરવી શક્ય ન હોય તો જ અન્ય જગ્યાએ કરી શકાય છે. કુરબાનીનું જાનવર શરતોનું સાર હોય.

**(બી-૬) માથું મૂંડાવવુંઃ** કુરબાની કર્યા પછી પુરૂષોએ (હલ્ક) માથું મૂંડાવવું અને સ્ત્રીઓએ તકસીર (થોડાક વાળ કાપવા) વાજીબ છે. નિયત આ મુજબ કરે, **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે માથાના વાળ કપાઉં છું કુરબતન એલલ્લાહ.** માથું મૂંડાવતી વખતે કિબ્લા તરફ મોં રાખીને બેસે. આગળના ભાગમાં જમણી તરફથી વાળ કાપવાનું શરૂ કરે. માથું મૂંડાવવાથી લોહી નીકળવાનો ડર હોય તો પહેલાં થોડાક વાળ કાપે. પછી



https://downloadshiabooks.com/

*માથું મૂંડાવે. આ કામ મીનામાં જ કરે. માથાના વાળ મીનામાં જ પોતાના રહેઠાણની જગાએ ખાડો ખોદીને દાટી લે.*

**(બી-૭), (બી-૮), (બી-૯) તવાફ: તવાફની નમાઝ: સઈ:** *તકસીર બાદ ઈદના દિવસે યા ત્યાર પછીના દિવસોમાં વહેલામાં વહેલી તકે ખાનએ કાબાનો તવાફ કરે. તવાફ બાદ તવાફની નમાઝ પઢે. ત્યારબાદ સઈ કરે. આ ત્રણેય અમલ ઉમરાએ તમત્તોઅમાં (એ-૨), (એ-૩), (એ-૪)માં બતાવ્યા મુજબના છે. માત્ર ત્રણેયની નિયતોમાં ફેર છે. તવાફની નિયત આ મુજબ કરે,* **હજજે ઈસ્લામના વાજીબ હજજે તમત્તોઅ માટે ખાનએ કાબાના સાત ચક્કર લગાઉં છું કુરબતન એલલ્લાહ.** *તવાફની નમાઝ માટે નિયત આ મુજબ કરે,* **હજજે ઈસ્લામના વાજીબ હજજે તમત્તોઅ માટે તવાફની બે રકાત નમાઝ પઢું છું કુરબતન એલલ્લાહ.** *સઈ માટે આ મુજબ નિયત કરે,* **હજજે ઈસ્લામના વાજીબ હજજે તમત્તોઅ માટે સફા અને મરવા વચ્ચે સાત ચક્કર લગાઉં છું કુરબતન એલલ્લાહ.**

**(બી-૧૦), (બી-૧૧) તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસા:** *હજજે તમત્તોઅમાં સઈ કર્યા પછી તવાફુન્નિસા બજાવી લાવે. ત્યાર પછી નમાઝે તવાફુન્નિસા બજાવી લાવે. આ બંને આમાલ દરેક સ્ત્રી-પુરૂષ હાજી પર વાજીબ છે. તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસાની રીત ઉમરએ તમત્તોઅમાં (એ-૨), (એ-૩)માં બતાવ્યા મુજબ ની છે. માત્ર નિયતોમાં ફેરફાર છે. તવાફુન્નિસાની નિયત આ મુજબ કરે,* **હજજે ઈસ્લામના વાજીબ હજજે તમત્તોઅના તવાફુન્નિસા માટે ખાનએ કાબાના સાત ચક્કર લગાઉં છું કુરબતન એલલ્લાહ.** *તવાફુન્નિસાની નમાઝ માટે નિયત આ મુજબ કરે,* **હજજે ઈસ્લામના વાજીબ હજજે તમત્તોઅ માટે તવાફુન્નિસાની બે રકાત પઢું છું કુરબતન એલલ્લાહ.**



https://downloadshiabooks.com/

*ક્રમ (બી-૭) થી (બી-૧૧)ના કાર્યો એક પછી એક સળંગ અને એક જ દિવસે બજાવી લાવે. જો આ કાર્યો ઈદના દિવસે શક્ય ન હોય તો ઈદના પછીના દિવસોએ પણ બજાવી શકે છે. પણ તેમાં ઢીલ ન કરે.*

**(બી-૧૨) મીનામાં રોકાવું.** *મહિનાની અગ્યારમી અને બારમી રાત મીનામાં વિતાવવી વાજીબ છે. અગર ઈદના દિવસે મક્કામાં તવાફ અને સઈ માટે જાય તો મીનામાં રાત ગાળવા પાછું ફરવું વાજીબ છે. નિયત આ મુજબ કરે,* **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે ૧૧મી અને ૧૨મી ઝિલ્હજની રાત મીનામાં વિતાઉં છું કુરબતન એલલ્લાહ.** *૧૨મી ઝિલ્હજના ઝોહર પછી મીનામાંથી નીકળી જાય. જો સંજોગવસાત મોડું થાય અને તેરમીની રાત શરૂ થઈ જાય તો તેરમીની રાતથી સવાર સુધી મીનામાં રોકાવું વાજીબ છે. તેની નિયત પણ કરે.*

**(બી-૧૩) ત્રણેય શયતાનોને કાંકરીઓ મારવી:** *અગ્યાર અને બારમી ઝિલ્હજના ત્રણેય શયતાનોને કાંકરીઓ મારવી વાજીબ છે. કાંકરીઓ મારવાની રીત એ છે કે, પહેલાં મોટા શયતાનને સાત કાંકરીઓ મારે, પછી વચલા અને છેલ્લે નાના શયતાનને સાત-સાત કાંકરીઓ મારે. નિયત કર્યા પછી શયતાનને કાંકરીઓ મારવામાં આવે. જેમ કે મોટા શયતાનને કાંકરીઓ મારતી વખતે નિયત કરે કે,* **હજ્જે ઈસ્લામના વાજીબ હજ્જે તમત્તોઅ માટે મોટા શયતાનને સાત કાંકરીઓ મારૂં છું કુરબતન એલલ્લાહ.** *કાંકરીઓ મારવાની બીજી જે શરતો અગાઉ જણાવેલ છે તે મુજબ અમલ કરે.*



https://downloadshiabooks.com/

# ૨. તલબીયા

## -: તલબીયા :-

અહેરામ બાંધીને નિયત કર્યા પછી દરેક હાજીએ એક વખત તલબીયાના શબ્દો ઉચ્ચારવા વાજીબ છે. તલબીયા આ મુજબ પઢે.

**લબ્બૈક, અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક, લા શરીક લક લબ્બૈક.**

તલબીયાના આ શબ્દો વધુમાં વધુ ઉચ્ચારે એટલે સુધી કે જુના મક્કાના ઘરો દેખાવા લાગે ત્યારે તલબીયા પઢવાનું બંધ કરે.



https://downloadshiabooks.com/

## ૩. હાઈઝ માટે હજના એહકામ

**(૧) અગર કોઈ સ્ત્રી એહરામ પહેલાં, અથવા એહરામ દરમિયાન, અથવા એહરામ પછી પરંતું તવાફની પહેલાં હાઈઝ થઈ જાય તો...**

*જો હાઈઝ પાસે એટલો સમય હોય કે હયઝના દિવસો પૂરા થવા પછી અને હજનો સમય આવવા પહેલાં તે ઉમરા તમત્તોઅના આમાલ બજાવી શકશે તો પાક થવા સુધી ધીરજ ધરે અને પાક થવા પછી ગુસ્લ કરી ઉમરા તમત્તોઅના આમાલ બજાવી લાવે.*

*દાખલા તરીકે, કોઈ સ્ત્રી ત્રીજી ઝિલ્હજના વાજીબ હજ માટે ઉમરા તમત્તોઅ કરવા ચાહતી હોય, જો તેણી ત્રીજી ઝિલ્હજથી એકાદ-બે દિવસ પહેલાં યા ત્રીજી ઝિલ્હજના અહેરામ દરમિયાન હાઈઝ થઈ જાય, જો પોતાની આદત જાણતી હોય અને ખાત્રી થાય કે આઠમી ઝિલ્હજના પહેલાં પાક થઈ જશે, તો પાક થયા પછી ઉમરા તમત્તોઅના આમાલ બજાવી લાવે.*

**અગર હયઝથી પાક થવા જેટલો સમય ન હોય તો...**

*(અ) જો એહરામ પહેલાં યા એહરામ દરમિયાન હયઝ આવે તો તેણીની હજ હજ્જે ઈફરાદ (હજનો એક પ્રકાર)માં પલટાઈ જશે. ત્યાર પછી શક્ય હોય તો ઉમરા મુફરદા અંજામ આપે.*

*(બ) એહરામ બાદ હયઝ આવે તો ઉપર જણાવ્યા મુજબ ઉમરા તમત્તોઅને હજ્જે ઈફરાદમાં પલટી નાખે. અથવા ઉમરાએ*



https://downloadshiabooks.com/

તમત્તોઅ ઉપર બાકી રહે. એટલે કે તવાફ અને તવાફુન્નિસા વિના સઈ અને તકસીર કરી ઉમરાએ તમત્તોઅના આમાલ પૂરા કરે. એહરામ બાંધી મીના-અરફાત-મુઝદલફાના આમાલ બજાવી લાવી મક્કામાં આવી હજના તવાફ પહેલાં ઉમરા તમત્તોઅના તવાફ અદા કરે. કારણોવસાત આ મુજબ ન કરી શકે તો તવાફ અને તવાફની નમાઝ માટે કોઈને નાયબ બનાવે અને સઈ પોતે બજાવી લાવે.

**(૨) જો કોઈ સ્ત્રીને ઉમરા તમત્તોઅના તવાફ કરતી વેળાએ હયઝ આવી જાય તો...**

જો તવાફનો ચોથો ચક્કર પૂરો કર્યા પહેલાં હયઝ આવે તો તવાફ બાતિલ થશે. તવાફ અને તવાફની નમાઝ માટે ઉપર ૧ (બ) માં જણાવ્યા પ્રમાણે અમલ કરે. અગર ચોથો ચક્કર પૂર્ણ થયા પછી હયઝ આવે તો જેટલો તવાફ તેણીએ પૂરો કરી દીધો છે તે સહીહ રહેશે. તવાફની નમાઝ વગર સઈ અને તકસીર કરી ઉમરા તમત્તોઅના આમાલ પૂરા કરે. જો સમય હોય તો હયઝથી પાક થયા પછી ગુસ્લ કરી બાકીનો તવાફ પૂરો કરે. બહેતર એ છે કે બાકીનો તવાફ પૂરો કર્યા પછી ફરી પૂરો તવાફ બજાવી લાવે. ત્યાર બાદ તવાફની નમાઝ બજાવી લાવે. જો પૂરતો સમય ન હોય તો ઉપર ૧ (બ) માં જણાવ્યા પ્રમાણે અમલ કરે.

**(૩) જો કોઈ સ્ત્રીને તવાફ પૂરો કર્યા પછી પરંતું તવાફની નમાઝ પહેલાં હયઝ આવી જાય તો...**



https://downloadshiabooks.com/

તવાફ સહીહ રહેશે. તવાફની નમાઝ વગર સઈ અને તકસીર કરી ઉમરા તમત્તોઅના આમાલ પૂરા કરે. જો સમય હોય તો હયઝથી પાક થયા પછી ગુસ્લ કરી તવાફની નમાઝ બજાવી લાવે. જો પૂરતો સમય ન હોય તો હજના તવાફ પહેલાં તવાફની નમાઝ બજાવી લાવે.

(૪) જો સ્ત્રીને તવાફ અને તવાફની નમાઝ અદા કર્યા પછી ખબર પડે કે, તેણીને હયઝ આવી ગયું છે. પણ એ ન જાણતી હોય કે હયઝ (૧) તવાફ પહેલાં કે (૨) તવાફ દરમિયાન કે (૩) તવાફની નમાઝ પહેલાં કે (૪) તવાફની નમાઝ દરમિયાન કે (૫) તવાફની નમાઝ બાદ આવ્યું છે? તો તવાફ અને તવાફની નમાઝ સહીહ સમજે. અગર યકિન હોય કે હયઝ તવાફની નમાઝ પહેલાં કે નમાઝ દરમિયાન આવ્યું છે, તો તેનો હુકમ ૧ (બ) માં જણાવ્યા પ્રમાણે છે.

(૫) જો કોઈ સ્ત્રી ઉમરા તમત્તોઅ માટે એહરામ બાંધે, તથા તેણીના આમાલ અંજામ આપવા શક્ય હોય અને એ જાણવા છતાં કે આમાલ અંજામ આપવામાં ઢીલ કરવામાં આવશે તો હયઝ આવી જશે તથા ત્યાર પછી સમય ઓછો હોવાના કારણે ઉમરા તમત્તોઅના આમાલ અંજામ નહિ આપી શકે, અને આમાલ ન કરે તથા હયઝ પણ આવી જાય, ઉપરાંત હજની પહેલાના ઉમરા તમત્તોઅના આમાલ કરવાનો સમય ન બચે તો, તેણીના ઉમરા



https://downloadshiabooks.com/

તમત્તોઅ બાતીલ થઈ જશે. પછી તેનો હુકમ ૧ (બ) માં જણાવ્યા પ્રમાણે છે.

(૬) જો સ્ત્રીને તવાફ દરમિયાન હયઝ આવી જાય તો વાજીબ છે કે, તવાફ તોડી તરત જ મસ્જીદુલ હરામમાંથી બહાર નીકળી જાય.

(૭) હજના બે વુકુફો (હજના અરકાન દરમિયાન ઠહેરવાની બે જગ્યાઓ (૧) અરફાત અને (૨) મુઝદલફા) બાદ હજનો તવાફ, તવાફની નમાઝ અને સઈ કરવામાં આવે. પરંતુ જો કોઈ સ્ત્રીને હયઝ યા નિફાસ આવી જવાનો ભય હોય તો તવાફ, તવાફની નમાઝ અને સઈ હજના એહરામ પછી બંને વુકુફોની પહેલાં અંજામ આપી શકે છે. બેહતર એ છે કે, શક હોય તો પછીથી ઝિલ્હજના અંત સુધીમાં ફરીવાર પણ અંજામ આપે.

(૮) હજના તવાફુન્નિસા પહેલાં કોઈ સ્ત્રીને હયઝ આવી જાય અને કાફલો તેના પાક થવા સુધી રાહ ન જૂએ, ઉપરાંત કાફલાથી અલગ થવું તેના માટે શક્ય ન હોય તો તેના માટે જાએઝ છે કે, તવાફુન્નિસા છોડી કાફલા સાથે વતન પાછી આવી જાય. પરંતું બેહતર એ છે કે તવાફુન્નિસા અને તેની નમાઝ માટે કોઈને નાયબ બનાવે. જો તવાફુન્નિસાનો ચોથો ચક્કર પૂરો થવા પછી હયઝ આવે તો તેના માટે જાએઝ છે કે, બાકીના તવાફ અને તવાફની નમાઝને છોડી કાફલા સાથે પાછી ફરે. પરંતું બેહતર એ છે કે બાકીના તવાફુન્નિસા અને તેની નમાઝ માટે કોઈને નાયબ બનાવે.



https://downloadshiabooks.com/

(૯) હયઝ/નિફાસથી પાક થઈ જાય ત્યારે સ્ત્રી માટે વાજીબ છે કે, તવાફ માટે ગુસ્લ કરે. ગુસ્લ કરી શકે તેમ ન હોય તો તયમ્મુમ કરીને તવાફ કરે. જો તયમ્મુમ પણ ન કરી શકે અને કોઈ આશા પણ ન હોય કે પછીથી તયમ્મુમ કરી શકશે, તો તવાફ માટે કોઈને નાયબ બનાવે.

(૧૦) **મુસ્તહાઝા** માટે જરૂરી છે કે જો તેણી ઈસ્તેહાઝા કલીલા હોય તો તવાફ માટે એક વઝુ તથા તવાફની નમાઝ માટે એક વઝુ કરવું જરૂરી છે. જો તેણી ઈસ્તેહાઝા કસીરા હોય તો બંને માટે એક એક ગુસ્લ કરે. જો હદસે અસગરથી પાક હોય તો વઝુની જરૂરત નથી. નહિતર બેહતર છે કે વઝુ પણ કરે.



https://downloadshiabooks.com/

# ૪. ઉમરએ મુફરદાના એહકામ ઉડતી નજરે

**ઉમરએ મુફરદામાં સાત વસ્તુંઓ વાજીબ છે.**

**(૧) અહેરામ (૨) તવાફ (૩) તવાફની નમાઝ (૪) સઈ (૫) તકસીર (૬) તવાફુન્નિસા (૭) નમાઝે તવાફુન્નિસા**

**(૧) અહેરામઃ એહરામની મીકાતઃ**

**(૧) મસ્જીદે શજરાઃ** *મદીનાથી મક્કા જવાવાળાઓ માટે મદીનાની બહાર* **(૨) જોહફાઃ** *વિમાન માર્ગે જીદ્દા જવાવાળાઓ માટે* **(૩) મસ્જીદે આઈશા/તન્ઈમઃ** *હજ્જે મુફર્રેદા માટે* **(૪) મક્કાઃ** *હજ્જે તમત્તોઅ માટે*

*નજરના કારણે પોતાના વતનથી અથવા મીકાતની પહેલાં કોઈ પણ જગ્યાએથી અહેરામ બાંધી શકાય છે. તે સિવાય મીકાતની પહેલાં કે પછી અહેરામ બાંધવો જાએઝ નથી.*

**અહેરામમાં ત્રણ વસ્તુઓ વાજીબ છે. (૧) નિયત (૨) તલબીયા (૩) અહેરામના બે કપડા**

**(૧) નિયતઃ** *નિયત આ મુજબ કરે,* **ઉમરએ મુફરદા માટે અહેરામ બાંધું છું કુરબતન એલલ્લાહ.**

**(૨) તલબીયાઃ** *અહેરામ બાંધીને નિયત કર્યા પછી દરેક હાજીએ એક વખત તલબીયાના શબ્દો ઉચ્ચારવા વાજીબ છે. તલબીયા આ મુજબ પઢે.* **લબ્બૈક, અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક, લા શરીક લક**



https://downloadshiabooks.com/

**લબ્બૈક.** *તલબીયાના આ શબ્દો દરેક હાજી વધુમાં વધું ઉચ્ચારે એટલે સુધી કે જુના મક્કાના ઘરો દેખાવા લાગે ત્યારે તલબીયા પઢવાનું બંધ કરે.*

**(૩) અહેરામના બે કપડા:** *ચાદર અને લુંગી પહેરવી વાજીબ છે. પુરૂષોએ દુંટીથી સાથળ સુધીનો ભાગ લુંગીથી ઢાંકવો જરૂરી છે. ચાદર એવડી હોય કે બંને ખભા, બંને બાજું અને કમરનો મોટો ભાગ છૂપાવી લે. આ બંને કપડાં અહેરામની નિયત પહેલાં પહેરે. આ બંને કપડાં સીવાય પુરૂષ અન્ય કપડા ન પહેરે. સ્ત્રીઓ માટે અહેરામ વપરાશના કપડાં છે. એ કપડા સુતરાઉ અને સફેદ હોય તો વધારે સારૂં. શરીર દેખાય તેટલું ઝીણું ન હોવું જોઈએ. સ્ત્રીઓને ચહેરો અને હથેળી સિવાય આખું શરીર ઢંકાએલું હોવું જોઈએ.અહેરામ પહેર્યા પછી બે અથવા છ રકાત નમાઝ પઢવી સુન્નત છે. કોઈ પણ વાજીબ નમાઝ પછી પણ અહેરામ પહેરી શકાય છે.*

**અહેરામ પહેરનાર પર પચ્ચીસ (૨૫) વસ્તુંઓ હરામ છે.**

*(૧) જમીન પરના જાનવરનો શિકાર (૨) સંભોગ (૩) સ્ત્રીને ચૂંબન કરવું (૪) સ્ત્રીને સ્પર્શ કરવો (૫) સ્ત્રીને જોવી અને ચેનચાળા કરવા (૬) વીર્ય સ્ખલન (૭) નિકાહ કરવા (૮) સુગંધ લગાવવી (૯) પુરૂષોએ સીવેલા કપડા પહેરવા (૧૦) સુરમો લગાવવો (૧૧) અરીસો જોવો (૧૨) પુરૂષોએ બંધ જોડા કે મોજા પહેરવા (૧૩) જૂઠુ બોલવું, ગાળો બોલવી, બડાઈઓ મારવી યા ગેર વર્તણૂંક કરવી*



https://downloadshiabooks.com/

(૧૪) લડાઈ ઝઘડો કરવો (૧૫) શરીર પરની જૂ મારવી (૧૬) શણગાર કરવો (૧૭) શરીર પર તેલ ચોપડવું (૧૮) શરીરના વાળ સાફ કરવા (૧૯) પુરૂષોએ માથું ઢાંકવું, સ્ત્રીઓ-પુરૂષો પાણીમાં માથું ડૂબાડવું (૨૦) સ્ત્રીઓએ ચહેરો છૂપાવવો (૨૧) પુરૂષોએ છાંયડામાં રહેવું (૨૨) શરીરમાંથી લોહી કાઢવું (૨૩) નખ કાપવા (૨૪) દાંત કાઢવા/કઢાવવા (૨૫) હથિયાર લઈને ચાલવું.

**અહેરામમાં નવ (૯) વસ્તુંઓ સુન્નત છે.**

(૧) બદનને પાક-સાફ કરવું. નખ, મૂંછ, બગલના વાળ અને ડૂંટી નીચેના વાળ સાફ કરવા. (૨) મીકાત પર અહેરામના કપડાં પહેરવા પહેલા ગુસ્લ કરવું. (૩) ગુસ્લ વખતે દુઆ પઢવી. (૪) ઝોહરની નમાઝ બાદ અહેરામ બાંધે. અન્ય કોઈ નમાઝના સમયે અહેરામ બાંધવાનો ઈરાદો હોય તો નમાઝ પુરી થયા પછી બાંધે. યા બે રકાત સન્નતની નિયતથી પઢીને બાંધે. અહેરામ બાંધતી વખતે દુઆ પઢે. (૫) અહેરામ સુતરાઉ હોય (૬) નિયત માટે મોંઢેથી ઉચ્ચાર કરે. અહેરામ બાંધ્યા બાદ વારંવાર તલબીયા પઢે. (૭) તલબીયા બાદ દુઆ પઢે. (૮) પુરૂષો તલબીયા મોટા અવાજે પઢે. (૯) ઉંઘમાંથી જાગીને, દરેક વાજીબ અને સુન્નત નમાઝ બાદ, જયાં ઠહેરે ત્યાં, ટેકરીઓ ચઢતાં અને ઉતરતાં તલબીયા પઢવું સુન્નત છે.

**અહેરામમાં દસ વસ્તુંઓ મકરૂહ છે.**

(૧) અહેરામમાં કાળા યા રંગીન કપડાં પહેરવાં. (૨) પીળા રંગના બીસ્તર યા તકીયા પર સૂવું. (૩) મહેંદી લગાવવી. (૪)



https://downloadshiabooks.com/

*સ્નાન વખતે શરીરને વધું પડતું ચોળવું. (૫) કોઈ બોલાવેતો જવાબમાં લબ્બૈક કહેવું. (૬) ઠંડા પાણીથી બદન ધોવું. (૭) ઘસીને દાતણ કરવું. (૮) જખ્મી થાય તેવા કામ કરવા. (૯) શેર-શાયરી કરવી. (૧૦) માથા યા શરીરને ખત્મી યા બોરથી ધોવું.*

**(૨) તવાફઃ તવાફમાં પાંચ શરતો હોવી જરૂરી છે.**

**(૧) નિયતઃ નિયત આ મુજબ કરે, ઉમરએ મુફરદા માટે ખાનએ કાબાની ફરતે સાત ચક્કર લગાવું છું કુરબતન એલલ્લાહ.**

**(૨) શરીર અને કપડાની તહારતઃ** *નજીસ કપડા કે નજીસ શરીરમાં તવાફ સહીહ નથી. પુરા તવાફ દરમિયાન કપડા અને શરીર પાક હોવું જરૂરી છે.*

**(૩) હદસે અકબર-હદસે અસગરથી પાક હોવું:** *તવાફ દરમિયાન શરૂઆતના ચાર ચક્કર દરમિયાન હદસ થઈ જાય તો તવાફ બાતીલ થઈ જશે. એટલે કે પાક થયા પછી ફરી તવાફ કરે. ચાર ચક્કર પુરા થયા બાદ હદસ થઈ જાય તો તવાફ તોડી નાખે અને પાક થયા બાદ જયાંથી તવાફ તોડ્યા હોય ત્યાંથી તવાફ શરૂં કરી બાકીના ચક્કર પુરા કરે.*

**(૪) પુરૂષોએ ખત્ના કરેલ હોવું જરૂરી છેઃ** *ખત્ના વગર તવાફ સહીહ નથી.*



https://downloadshiabooks.com/

**(૫) ગુપ્તાંગો છૂપાવવાઃ** નમાઝમા જેટલા પ્રમાણમાં ગુપ્તાંગો (શરમગાહ) છૂપાવવા વાજીબ છે. તેટલા પ્રમાણમાં આખા તવાફ દરમિયાન ગુપ્તાંગો છૂપાવવા વાજીબ છે.

**તવાફમાં આઠ વસ્તુઓ વાજીબ છે.**

(૧),(૨) દરેક ચક્કરને હજરે અસ્વદથી શરૂં કરી તેના પર ખતમ કરે. (૩) તવાફ કરતી વખતે ખાનએ કાબાને પોતાની ડાબી બાજુ રાખવો. કોઈ પણ કારણાસર કાબા તરફ મોં અથવા પીઠ થઈ જાય તો એટલો ભાગ તવાફમાં ગણાશે નહિ. (૪) હજરે ઈસ્માઈલને તવાફમાં ભેળવવો. એટલે કે હજરે ઈસ્માઈલની બહારથી તવાફ કરવો. (૫) કાબાની દિવાલ અને તેની આજું બાજુના ચબૂતરા ઉપર તવાફ ન કરે, પરાસાળ તેનાથી થોડેક દૂરથી તવાફ કરે. (૬) કાબાની ફરતે શરતોનુસાર સાત ચક્કર લગાવવા. સાત ચક્કરથી ઓછા કે વધારે ચકકર લગાવશે તો તવાફ બાતિલ થશે. (૭) કાબાની ફરતે સાત ચક્કર એક પછી એક ક્રમવાર લગાવે. વચ્ચે વધારે પડતો આરામ ન કરે. યા રોકાય નહિ. (૮) પોતાની મેળે તવાફના ચક્કર લગાવે. ભીડ યા અન્ય કોઈ કારણોસર બીજાના ધક્કાથી યા બીનઅખત્યારથી આગળ વધે તો એ સહીહ નથી. ઓલમાઓમાં મશહુર છે કે, કાબા અને મકામે ઈબ્રાહીમની વચ્ચે ચક્કર લગાવે. જો એ અતિશય કષ્ટદાયક હોય તો જ બહારથી ચક્કર લગાવે. તે સિવાય નહિ.



https://downloadshiabooks.com/

**તવાફમાં નીચેની બાબતો સુન્નત છે.**

*(૧) તવાફ ઉઘાડા માથે અને ઉઘાડા પગે કરે. (૨) તવાફ વખતે અલ્લાહનો ઝીક્ર કરે, તવાફની દુઆઓ પઢે. ફુઝુલ વાતો ન કરે. પોતાની હાજતો માગે. (૪) ખાનએ કાબાના દરવાજા સામે પહોંચે ત્યારે તુરૂત દુઆઓ પઢે.*

**(૩) તવાફની નમાઝઃ**

*તવાફ પુરો થયા પછી તરત જ તવાફની બે રકાત નમાઝ સહીહ ઉચ્ચાર સાથે મકામે ઈબ્રાહીમની પાછળ નજીકમાં પઢે. જો આ શક્ય ન હોય તો શક્ય તેટલી નજીક પઢવા કોશીશ કરે. મજબૂરીના કારણે તવાફની નમાઝ મકામે ઈબ્રાહીમથી દૂર પઢી હોય તો જો સઈ કરતાં પહેલાં નજીકમાં નમાઝ પઢવાની તક મળે તો ફરી નમાઝ પઢે. આ નમાઝ ફજરની નમાઝની જેમ પઢવામાં આવે છે. જાણી જોઈને તવાફની નમાઝ ન પઢનારની હજ બાતિલ છે. નિયત કરે કે,* **ઉમરએ મુફરદા માટે તવાફની નમાઝ પઢું છું કુરબતન એલલ્લાહ.**

**તવાફની નમાઝમાં નીચેની બાબતો સુન્નત છે.**

*(૧) નમાઝે તવાફમાં પહેલી રકાતમાં સુરએ હમ્દ પછી સુરએ કુલ્હો વલ્લાહ પઢે. બીજી રકાતમાં સુરએ હમ્દ પછી સુરએ કુલ યા અય્યોહન કાફેરૂન પઢે. (૨) નમાઝ બાદ સલવાત અને દુઆઓ પઢે.*

**(૪) સઈઃ**

*તવાફની નમાઝ પછી સફા અને મરવા વચ્ચે સઈ કરવી વાજીબ છે. નિયત કરે કે, ઉમરએ મુફરદા માટે સફા મરવા વચ્ચે સાત ચક્કર*



https://downloadshiabooks.com/

લગાઉ છું કુરબતન એલલ્લાહ. સઈમાં સાત ચક્કર છે. પહેલું ચક્કર સફાથી શરૂં કરી મરવા પર અને બીજું ચક્કર મરવાથી શરૂં કરી સફા પર પુરૂં થાય છે. એમ સાતમું ચક્કર મરવા પર પુરૂં થશે. આ ચક્કર નિયત જગ્યાએથી જ કરવામાં આવે. અન્ય કોઈ જગ્યાએથી ચક્કર લગાવશે તો સઈ બાતિલ થશે. મરવા તરફ જતાં મરવા સામે અને સફા તરફ જતાં સફા સામેં હોવું જરૂરી છે. સાત ચક્કર એક પછી એક લગાવે. વચ્ચે વધારે પડતો આરામ ન કરે. જાણી જોઈને સઈના ચક્કરોમાં વધરો ઘટાડો કરશે તો સઈ બાતિલ થશે.

**સઈમાં નીચેની બાબતો સુન્નત છે.**

(૧) જે કોઈ સઈ કરવા ચાહે તે હજરે અસ્વદ પાસે જઈને બોસા આપે. શરીર અને હાથથી તેને સ્પર્શ કરે. યા ઈશારો કરે. (૨) પછી આબે ઝમઝમ પાસે જઈ થોડુંક પાણી માથા, પેટ શરીર પર નાખે. થોડુંક પીએ. પછી દુઆ પઢે. (૩) ત્યારબાદ સફા પર જઈ ખાનએ કાબા તરફ નજર કરી અલ્લાહના વખાણ કરી દુઆ માગે. (૪) સઈ દરમિયાન હરવલાવાળી જગ્યાએ તેજ ગતિથી દોડે. સ્ત્રીઓએ ત્યાં દોડવાનું નથી. (૫) સઈ વખતે રોઈને દુઆઓ માગે.

**(૫) તકસીરઃ**

સઈ પછી તરત જ તકસીર કરે. એટલે કે હાજી પોતાના માથા યા દાઢી યા મૂંછના થોડાક વાળ કાપે. નિયત કરે કે, ઉમરએ મુફરદાનો અહેરામ ઉતારવા માટે તકસીર કરૂં છું કુરબતન એલલ્લાહ. તકસીર કોઈ પણ જગ્યાએ કરી શકાય છે. ચાહે સઈની જગ્યાએ કરે યા ઘેર



https://downloadshiabooks.com/

યા અન્ય કોઈ જગ્યાએ. જો કોઈ ભૂલથી પણ માથું મૂંડાવશે તો કફ્ફારો લાગું પડશે. જો કોઈ જાણી જોઈને તકસીર છોડી દેશે તો ઉમરએ મુફરદા બાતિલ થશે. તકસીર કર્યા પછી અહેરામના કારણે જે વસ્તુંઓ હરામ થઈ હતી તે હલાલ થઈ જશે.

**(૬), (૭) તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસાઃ** તકસીર કર્યા પછી તવાફુન્નિસા બજાવી લાવે. ત્યાર પછી નમાઝે તવાફુન્નિસા બજાવી લાવે. આ બંને આમાલ દરેક સ્ત્રી-પુરૂષ હાજી પર વાજીબ છે. તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસાની રીત ઉમરએ મુફરદામાં (૨), (૩)માં બતાવ્યા મુજબ ની છે. માત્ર નિયતોમાં ફેરફાર છે. તવાફુન્નિસાની નિયત આ મુજબ કરે, ઉમરએ મુફરદાના તવાફુન્નિસા માટે ખાનએ કાબાના સાત ચક્કર લગાઉં છું કુરબતન એલલ્લાહ. તવાફુન્નિસાની નમાઝ માટે નિયત આ મુજબ કરે, **ઉમરએ મુફરદા માટે તવાફુન્નિસાની બે રકાત પઢું છું કુરબતન એલલ્લાહ.**

**યાદરાખોઃ દર મહિને એક ઉમરએ મુફરેદા થઈ શકે છે. મક્કામાં વધારે રોકાવવાનું ન હોય અને ઉમરએ મુફરેદા એકથી વધું વખત કરવા ચાહે તો અન્ય કોઈની નિયાબતમાં (એટલે કે બીજા કોઈ સગા સ્નેહી યા મરહુમની વતીથી)કરી શકાય છે. આ માટે મિકાત મસ્જીદે તન્ઈમ(મસ્જીદે આયશા)છે. ત્યાંથી અહેરામ બાંધવામાં આવે.**



https://downloadshiabooks.com/

# -: તલબીયા :-

અહેરામ બાંધીને નિયત કર્યા પછી દરેક હાજીએ એક વખત તલબીયાના શબ્દો ઉચ્ચારવા વાજીબ છે. તલબીયા આ મુજબ પઢે.

**લબ્બૈક, અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક, લા શરીક લક લબ્બૈક.**

**તલબીયાના આ શબ્દો વધુમાં વધુ ઉચ્ચારે એટલે સુધી કે જુના મક્કાના ઘરો દેખાવા લાગે ત્યારે તલબીયા પઢવાનું બંધ કરે.**



https://downloadshiabooks.com/

# ૫. માસુમીન અ.ની ઝિયારતના આદાબ

(૧) ઝિયારતે માસુમીન અ. આપણા માટે ખુદાની બક્ષિસ છે. જ્યારથી માસુમીન અ.ની ઝિયારત માટે જવાનું નક્કી થાય ત્યારથી કુટુંબ-કબીલા, નજીકના દૂરના સગા-સ્નેહીઓ અને દોસ્ત બિરાદરોની મુલાકાત કરી તેમની સાથે કોઈ લેવડ દેવડ યા મન દુઃખ હોય તો દૂર કરવું. મોમીનોના દિલ રાજી કરીને ઝિયારત કરવાથી અલ્લાહ તઆલા, તેમના રસુલ અને માસુમીન અ. રાજી રહે છે. ઝિયારત જલદી કબૂલ થવાનું કારણ પણ બની શકે છે.

(૨) મુસાફરીએ નીકળવા પહેલાં ગુસ્લ કરે. મુસાફરીની સલામતી માટે અને ઈમામે ઝમાન અ.ની સલામતી માટે દુઆ કરે. બાલ બચ્ચાઓને ખુદાના હવાલે કરે. આપણી મુસાફરીને ઈમામ અ. માટે દુઆ માગીને શણગારે.

(૩) રસ્તામાં અણછાજતી વાતો અને લડાઈ ઝઘડાથી બચે. વધુમાં વધું સબ્ર કરે. કાફલાવાળાઓ સાથે હળીમળીને સંપીને રહે. યથા શક્તિ અરસ પરસ એક બીજાને મદદ કરે. કોઈ ઝવ્વારને હલકો ના સમજે. બલ્કે દરેકને આપણા કરતાં ઉચ્ચ સમજવો જોઈએ.

(૪) દરેક ઈમામ અ.ના રોઝા ઝિયારત માટે જવા પહેલાં ગુસ્લ કરે. હદીસમાં છે કે, કરબલામાં નહરે ફુરાતમાં ગુસ્લ કરીને ઈમામ હુસૈન



https://downloadshiabooks.com/

અ.ની ઝિયારત કરે તો તેના ગુનાહ ધોવાઈ જશે. જાણે તે આજે જ જન્મ્યો હોય.

(૫) નાની મોટી નાપાકીથી દૂર રહે. એટલે કે હંમેશા વઝુથી રહે.

(૬) પાક-સાફ અને સફેદ અથવા સારા કપડાં પહેરે. જરૂરી છે કે જે કપડા પહેર્યા હોય તે સૌનું ખુમ્સ કાઢેલું હોય. જેથી ઈમામની બારગાહમાં કોઈ શરમ મહેસુસ ન કરવી પડે.

(૭) ઈ.હુસૈન અ.ની ઝિયારત સિવાય બાકીના અઈમ્મા અ.ની ઝિયારત કરવા જતી વખતે ખૂશ્બું લગાવે. જેથી ખુદાની રહેમત અને ખુશ્નુદી મળે. શયતાનના વસવસાથી દૂર રહેવાય.

(૮) રોઝા મુબારક જવા માટે નીકળે તો હળવે પગલે એવી રીતે ચાલે કે કોઈ ગુનેગાર શક્તિશાળી હોદ્દેદારને મળવા જઈ રહ્યો હોય. માથાને ઝૂકાવી રાખે. આજું બાજું નજર ન કરે. તકબીર, હમ્દ અને સલવાત પઢતાં પઢતાં જવું જોઈએ.

(૯) હરમ મુબારકના દરવાજા પાસે ઉભા રહીને દાખલ થવાની રજા માગે. નમ્રતા અને આજીજીપૂર્વક કોશીશ કરે કે આંખોમાંથી આંસું નીકળી આવે. હરમ મુબારકમાં દાખલ થતી વખતે પહેલાં જમણો પગ અંદર મૂકે. બહાર નીકળતી વખતે પહેલાં ડાબો પગ બહાર રાખે.

(૧૦) હરમ મુબારકમાં દાખલ થતી વખતે જો જમાતની નમાઝ ચાલું હોય તો સૌ પ્રથમ નમાઝ પઢવી. પછી ઝિયારત પઢવી. અવ્વલ સમયમાં રોઝા મુબારકમાં નમાઝ પઢવાનો આગ્રહ રાખે.



https://downloadshiabooks.com/

(૧૧) ઝરીહ મુબારકથી એટલા નજીક જાય કે ઝરીહ મુબારકને ચૂમી શકે. ઝરીહ મુબારકને ચૂમતી વખતે અલ્લાહની નેઅમતો અને બક્ષીસોને યાદ કરે. ઝરીહ મુબારકને ચૂમવી અને અને હાથથી પકડવી જાએઝ છે.

(૧૨) ઈમામથી રિવાયત થએલ હોય તે ઝિયારત પઢે. પોતાની જાતે કે બીજાઓની બનાવેલી ઝિયારતો ન પઢે. માસુમીન અ., તેમની કુટુંબ કબીલાઓ, સહાબીઓ, શીઆ બુઝુર્ગ આલીમો, તમારા પૂર્વજો, પત્ની, બાળકો, સગાવહાલાઓ, દોસ્ત બિરાદરો માટે ઝિયારત પઢે. દુઆઓ માંગે. દુઆ જલદી કબૂલ થશે. ઈ.અ.

(૧૩) ઝિયારત પઢી લીધા પછી બે રકાત નમાઝ હદિયએ ઝિયારત પઢે.

(૧૪) ઝિયારતના આદાબમાં છે કે, ઝરીહ મુબારક પાસે બેસીને કુરઆન મજીદની તિલાવત કરે. હંમેશા ઈબાદતમાં મશગુલ રહે. નકામી વાતોમાં સમય બરબાદ ન કરે.

(૧૫) પોતાના ગુનાહો માટે પસ્તાવો કરે. શરમિંદગી સાથે તૌબા કરે, ઈસ્તિગ્ફાર કરે. માસુમ ઈમામોના વસિલા થકી દુઆ માંગે. ઈરાદો કરે કે હવેથી ગુનાહોથી દૂર રહીશ. પોતાની ભૂલોને સુધારીશ.

(૧૬) પોતાના વતન પાછા ફરતી વખતે દરેક હરમ મુબારકમાં ઝિયારતે વિદાઅ પઢે.



https://downloadshiabooks.com/

(૧૭) શેખ શહીદ (રહ.) એ ફરમાવ્યું છે કે, જ્યારે ઝિયારત કરી લે તો ત્યાંથી પાછા વળવા માટે ઉતાવળ કરે. બીજી વખત ઝિયારત માટે આવવાની ઈચ્છા કરે.

(૧૮) પવિત્ર સ્થળોએ ગરીબોની ભરપૂર મદદ કરે.

## ૬. સફરના આદાબ

સફર માટે સારો દિવસ ગુરૂવાર, શનીવાર, મંગળવાર અને શુક્રવારે જુમ્આ બાદ છે.

"વિંછુડાના દિવસોમાં સફર કરે તો પરિણામ સારૂં આવતું નથી."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"સફર શરૂં કરતી વખતે સદકો આપી દો. પછી જે સમયે ચાહો તે સમયે સફર કરો."

"જયારે કોઈ માણસ સફરનો ઈરાદ કરે તો સુન્નત છે કે રવાના થતાં પહેલાં ગુસ્લ કરે. અલ્લાહ પાસે ભલાઈ માટે દુઆ કરે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"માણસ સફરમાં જતી વેળાએ પોતાના બાલ-બચ્ચાઓની દેખભાળ કોઈને હવાલે કરતો હોય તો તેમાં સૌથી સારૂં એ છે કે રવાના થતી વખતે બે રકાત નમાઝ પઢીને આ દુઆ પઢે."

**'અલ્લાહુમ્મ ઈન્ની ઈસ્તવ્દેઓક નફ્સી વ અહલી વ માલી વ ઝુર્રીયતી વ દુન્યાય વ આખેરતી અમાનતી વ ખાતેમત અમલી.'**

(હે અલ્લાહ! હું પોતાની જાન, કુટુંબીજનો, માલ, ઓલાદ, દુન્યા, આખેરત, અમાનત અને કામકાજ તારા હવાલે કરૂં છું.)

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"જે માણસ સફર કરવાનો ઈરાદો હોય તે પોતાના ઘરના દરવાજા પર ઊભો રહે અને જે તરફ સફર કરવાની હોય તે તરફ મોં કરી સુરએ હમ્દ અને આયતુલ કુરસી પઢે. પોતાની ડાબી અને જમણી તરફ પણ તે મુજબ પઢે. ત્યાર પછી આ દુઆ પઢે,"

**'હે અલ્લાહ! મારી જાન-માલને હિફાઝતમાં રાખ, દરેકને સલામત રાખ અને ઘણી સારી રીતે પહોંચાડી દે.'**

આ મુજબ પઢનારને તથા તેની સાથેના બધા જ માણસોને અને માલ-સામાનને ખુદા સલામત રાખશે. સલામત રીતે મંઝિલ સુધી પહોંચાડશે.

"સફરમાં જવા પહેલાં ઈમામ હુસૈન અ.ની કબરની માટી (ખાકેશીફા)ની તસ્બીહ અને સજદાગાહ સાથે રાખે."



https://downloadshiabooks.com/

"હઝરત રસુલેખુદા સ. સફરમાં જતા ત્યારે તેલની શીશી, સુરમાદાની, કાતર, અરીસો, દાતણ, સોય-દોરો, દોરી, સોયો, બૂટની દોરી સાથે લઈ જતા હતા."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"સફરમાં જાઓ તો દસ્તરખાન પોતાની સાથે લો. તથા રસ્તા માટે ઉમદા પકવાનો સાથે ભાથું પણ તૈયાર કરાવી રાખી લો."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"બેહતર એ છે કે સફરના સાથીઓ, દોસ્તો પોતાનો ખર્ચ પહેલાથી જ પોતાના પાસેથી કાઢી બીજાઓની સામે રાખી દે. તેનાથી આપસમાં મોહબ્બત વધે છે અને અખ્લાકીઓમાં તેની ગણતરી થાય છે."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"જેટલો આદર તમે તમારા હમસફરને આપતા હો તેટલો આદર તે તમને ન આપતો હોય તો તેવા માણસ સાથે સફર ન કરો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મુસાફરનો તેના સાથીઓ પરનો હક એ છે કે જો તે રસ્તામાં બીમાર થઈ જાય તો ત્રણ દિવસ તેના માટે રોકાઈ જાય."

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

“જે લોકો પોતાના સફરના સાથી સાથે સદ્ વર્તન અને દોસ્તો સાથે ભલાઈ ન કરે તે ન અમારો છે અને ન તો અમે તેઓના છીએ.”

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

જનાબ લુકમાન અ. પોતાના દિકરાને નસીહત કરી કે,

“જયારે તું લોકોની સાથે સફરમાં જાય તો તારા કામકાજ માટે તેઓ સાથે સલાહ-મશવેરો કર, તેમની સાથે હળી મળીને રહે, હસતો-બોલતો રહે, આપસમાં ખર્ચ કરતી વખતે સખાવતથી કામ લે, તને જમવા માટે આમંત્રિત કરે તો તેને કબૂલ કર, જો તારાથી મદદ માગે તો તું મદદ કર.”

સફરમાં નીચેના ત્રણ કામમાં સૌથી આગળ રહેજે.

(૧) ચૂપકીદી ધારણ કરવામાં,

(૨) વધારે નમાઝ પઢવામાં,

(૩) તારી પાસે જે કંઈ છે તેની સખાવત કરવામાં.

“એટલે કે સવારી, માલ અથવા ખાવા-પીવાની ચીજ વસ્તુંઓ હોય તો તેની સખાવત કરવામાં તું આગળ રહેજે, સાચા કામમાં તારી સાક્ષી માગે તો તું સાક્ષી આપજે, જો તારી સલાહ માગે તો સૌથી શ્રેષ્ઠ સલાહ આપજે, સલાહ આપવામાં ઉતાવળ ના કરજે, તું બુધ્ધિપૂર્વક વિચારી ન લે ત્યાં સુધી સલાહ ન આપ, તારાથી જે બાબતે સલાહ માગી હોય તે બાબતે બેસીને વિચાર કર, કલામે



https://downloadshiabooks.com/

પાકની તિલાવત કરીને વિચાર કર, નમાઝનો સમય હોય તો નમાઝ પઢીને વિચાર કર, ટૂંકમાં સલાહ આપવામાં ઉતાવળ ન કર. પરંતુ પોતાની અક્કલ અને હોંશિયારીને કામે લગાડ. કેમ કે જો કોઈ માણસ સલાહ માગે અને ખુદાએ આપેલી અક્કલ અને હોંશિયારી મુજબ સારામાં સારી સલાહ ન આપવામાં આવે તો ખુદા પાક તેની અક્કલ અને હોંશિયારીને છીનવી લે છે. ખુદા પોતાની અમાનત પાછી લઈ લે છે.''

''જયારે તું જૂએ કે તારો સાથી પગપાળા ચાલે છે તો તું પણ પગપાળા ચાલવાનું શરૂ કર, જો કોઈને કામ કરતા જૂએ તો તું પણ તેમની સાથે કામમાં લાગી જા, જો તે લોકો ખયરાત કરે યા કરજ આપે તો તું પણ તેમાં ભાગ લે, જો તારાથી ઉંમરમાં મોટા હોય તો તેમની ઉચિત વાતોને માની લે, જો તારો સાથી કોઈ કામ બતાવે યા કોઈ વસ્તું માગે તો બને ત્યાં સુધી તેનો ઈન્કાર ન કર. કેમ કે આવા સમયે ઈન્કાર કરવો એ ઠીક નથી.''

''હે બેટા! જયારે નમાઝનો સમય આવે તો નમાઝ પઢવામાં ઢીલ ન કર, તરત જ નમાઝ પઢી લે. કેમ કે નમાઝ એ વાજીબ છે. તું જેટલી જલદી બજાવી લાવીશ તેટલો હળવો થઈ જઈશ. નમાઝને જમાત સાથે પઢ. ચાહે ભાલાઓની વચ્ચે જ કેમ ન હોય.''

''નિયત સ્થળે પહોંચી જાઓ તો સવારી પરથી ઉતરી જા. નિયત સ્થળે ઉતરીને આરામ કરતાં પહેલાં બે રકાત નમાઝ પઢી



https://downloadshiabooks.com/

લો. આ જગ્યા છોડતી વખતે બે રકાત નમાઝ પઢી લો. ત્યાર પછી તે જમીનને વિદાય આપો. તે જમીનના રહેવાસીઓને સલામ કરો. કેમ કે જમીનનો કોઈ એવો ભાગ નથી જ્યાં ફરિશ્તાઓ રહેતા ન હોય. જો શક્ય હોય તો કોઈ વસ્તું ખાતાં પહેલાં તેમાંથી થોડોક સદકો આપો.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"નીચેની વાતો સફરના આદાબમાં ગણાય છે.

(૧) રસ્તામાં ખર્ચ માટે વધું રકમ સાથે લેવી,

(૨) ઉમદા ભાથું સાથે લેવું, જે બધા સાથીઓ સાથે મળીને ખાવુ, દોસ્તોથી અલગ થયા પછી તેમના ભેદની વાતો તમે જે જાણતા હોવ તે છૂપાવવી, જે વાતો ખુદાની નારાજગીનું કારણ ન હોય તેમાં વધારે ખુશી જાહેર કરવી."

"સફરમાં કોઈનાથી ગેરવર્તણૂંક થઈ ગઈ હોય તો તેને બધાની આગળ કહેતા ફરવું એ માણસાઈ નથી."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે કોઈ મોમીન મુસાફરની મદદ કરશે તો ખુદા તઆલા ગમ અને પરેશાનીથી છૂટકારા સિવાયની દુનિયાની સખતમાં સખત ૭૩ બલાઓ તેનાથી દૂર કરશે. એ પણ એવા સમયે કે કયામતના ડરથી લોકોના શ્વાસ અધ્ધર હશે. આખેરતની ૭૦ બલાઓ પણ તેનાથી દૂર થશે."



https://downloadshiabooks.com/

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

“મુસાફર સફરથી પાછો ફરે તો સુન્નત છે કે પોતાના મોમીનભાઈઓને જમવાનું આમંત્રણ આપે.”

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

“જયારે કોઈ માણસ સફરથી પાછો ફરે તો સારૂં એ છે કે, પોતાના બાલ-બચ્ચાઓ માટે કંઈક તોહફો લાવે. ભલે પછી નાની કે થોડીક વસ્તું જ કેમ ન હોય.”

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

“જે માણસ મક્કાએ મોઅઝઝમા જઈને આવતો તેને હઝરત રસુલેખુદા સ. કહેતા કે ખુદાપાક તારી કોશીષ અને તારો નેક અમલ કબૂલ કરે, તારા ધંધામાં બરકત આપે, તારા ગુનાહ માફ કરી દે.”

હદીસમાં છે કે,

“જે સમયે હાજી હજની સફરથી પાછો ફરે અને રસ્તાની ધૂળ તેના પર પડી હોય તે સમયે જે માણસ ગળે મળવાની નિયતથી તેની ગરદનમાં હાથ નાખશે, તેને હજરે અસ્વદને બોસા આપવાનો સવાબ મળશે.”

એક અન્ય હદીસમાં છે કે,

“જયારે કોઈ માણસ સફરથી પાછો આવી જાય ત્યારે તેના માટે સારૂં એ છે કે જયાં સુધી ગુસ્લ કરીને બે રકાત નમાઝ પઢી શુક્રના



https://downloadshiabooks.com/

સજદામાં ૧૦૦ વખત શુક્રેખુદા ન કરે ત્યાં સુધી કોઈ કામમાં લાગે નહિ. હઝરત સ.ના સાથીઓ જયારે કોઈ સફરથી પાછું આવતું તો ગળે મળતા હતા.''

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

"મોમીનને વિદાય વેળાએ થોડેક સુધી સાથે જાઓ અને પાછા ફરે ત્યારે થોડાક આગળ વધી તેમને આવકારો.''

# મક્કા-મદીના-ઈરાન-ઈરાક-સીરિયાની ઝિયારતો

## ૭. મક્કાની ઝિયારતો

**મક્કા- મસ્જીદુલ હરામઃ** ★ ખાનએ કાબા ★ હજરે અસ્વદ ★ મકામે ઈબ્રાહીમ ★ મુસ્તજાર (હજરે અસ્વદ અને કાબાનો વચ્ચેનો દરવાજો) ★ રૂકને યમાની ★ દિવારે હતીમ ★ સોનાનો પરનાળો ★ ઝમઝમનો કૂવો ★ સફા અને મરવાની પહાડીઓ

**મક્કા- શહેરમાંઃ** ★ હઝરત રસુલેખુદા સ.નું જન્મ સ્થળ ★ મસ્જીદે જીન ★ મસ્જીદે બિલાલ (ર.અ.) ★ મસ્જીદે આઈશા (તન્ઈમ)



https://downloadshiabooks.com/

**જન્નતુલ મોઅલ્લાઃ** ★ જનાબે ખદીજતુલ કુબરા સ.અ.ની કબર ★ હુઝુર સ.ની માતાજી જનાબે આમેના સ.અ.ની કબર ★ હઝરત અલી અ.ના પિતાજી હઝરત અબુતાલીબ અ.ની કબર ★ હુઝુર સ.ના પરદાદા હઝરત અબ્દે મુનાફ (ર.અ.)ની કબર ★ હઝરત હાશીમ (ર.અ.)ની કબર ★ હુઝુર સ.ના દાદા હઝરત અબ્દુલ મુત્તલીબ અ.ની કબર

**પહાડઃ** ★ ગારે હીરા ★ જબલે નૂર ★ ગારે સોર ★ જબલે સોર

**અરફાતઃ** ★ અરફાતનું મેદાન ★ જબલે રહમત ★ મસ્જીદે નમરા ★ મેદાને મુઝદલિફા

**મિનાઃ** ★ મસ્જીદે ખીફ ★ મસ્જીદે કૌસર ★ જમરા (ત્રણ શયતાન)

## ૮. મદીનાની ઝિયારતો

**મદીના- મસ્જિદે નબવીઃ** ★ હઝરત રસુલેખુદા સ.ની કબર મુબારક ★ હઝરત અબુબકર (ર.અ.)ની કબર ★ હઝરત ઉમર (ર.અ.)ની કબર ★ જનાબે ફાતિમા સ.નું ઘર ★ મહેરાબ ★ મિમ્બરે રસુલ સ. ★ મકામે જીબ્રઈલ અ. ★ સાત



https://downloadshiabooks.com/

ઐતિહાસિક થાંભલાઓ (સુતુન) ★ મકામે અસ્હાબે સુફ્ફા ★ રિયાઝુલ જિન્ના

**મદીના- જન્નતુલ બકીઅઃ** ★ જનાબે ફાતિમા ઝહરા સ.અ.નીકબર મુબારક ★ હઝરત ઈમામ હસન અ.ની કબર ★ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ.ની કબર ★ હઝરત ઈમામ મોહંમદ બાકિર અ.ની કબર ★ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની કબર ★ હુઝુર સ.ના કાકા હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબ અ.ની કબર ★ હુઝુર સ.ના ફરઝંદ હઝરત ઈબ્રાહીમ અ.ની કબર ★ હઝરત અબ્બાસ અલમદાર અ.ની માતાજી જનાબે ઉમ્મુલ બનીનની કબર ★ હુઝુર સ.ના ફૂઈ જનાબે આતેકાની કબર ★ હુઝુર સ.ના ફઈ જનાબે સફીયાની કબર ★ હુઝુર સ.ને દૂધ પીવનાર જનાબે હલીમા સદીયાની કબર ★ હઝરત જાફરે તૈયાર (ર.અ.)ની કબર ★ હઝરત અલી અ.ની માતાજી જનાબે ફાતિમા બિન્તે અસદની કબર

**મેદાને ઓહદઃ** ★ જબલે ઓહદ ★ હુઝુર સ.ના કાકા હઝરત હમ્ઝા અ.ની કબર ★ જંગે ઓહદમાં શહીદ થએલાઓની કબર

**મદીનાની મસ્જિદોઃ** ★ મસ્જિદે કુબા ★ મસ્જિદે ઝૂ-કિબ્લતૈન ★ મસ્જિદે ગમામા (મસ્જીદે અલી અ.) ★ મસ્જિદે



https://downloadshiabooks.com/

ઈજાબા (મુબાહિલા) ★ મસ્જિદે ફત્હ ★ મસ્જિદે સલમાન (ર.અ.) ★ મસ્જિદે ફાતિમા સ.અ. ★ મસ્જીદે અલી અ. ★ મસ્જિદે ઉમર (મેદાને ખંદકમાં) ★ મસ્જિદે અબુ બકર (મેદાને ખંદકમાં) ★ મસ્જીદે જુમ્આ ★ મસ્જિદે શજરા (મીકાત) ★ મસ્જિદે રદ્દે શમ્સ

**મદીના શહેરમાં:** ★ મકામે બૈતુલ હુઝન ★ મેદાને મુબાહિલા ★ સકીફા ★ બાગે સલમાન ★ બાગે શમ્ઉન ★ બાગે ફિદક

# ૯. ઈરાનની ઝિયારતો

**કુમની ઝિયારતો:**

★ માઅસુમાએ કુમ નો રોઝો મુબારક ★ મસ્જીદે ઈમામ હસન અસ્કરી અ. ★ મસ્જીદે જમકરાન ★ ઈમામઝાદાઓની કબરો

**તહેરાનની ઝિયારતો:**

★ શાહઝાદા અબ્દુલ અઝીમ બિન અબ્દુલ્લાહનો રોઝો ★ જનાબે હમ્ઝા બિન અબુલ કાસીમ ઈબ્ને મુસા કાઝિમ અ.નો રોઝો ★ જનાબે તાહિર ઈબ્ને ઈમામ ઝયનુલ આબેદીન અ.નો રોઝો ★ ઈમામઝાદા દાઉદનો મકબરો



https://downloadshiabooks.com/

★ ઈમામઝાદા સાલેહ બિન ઈમામ મુસા કાઝિમ અ.નો મકબરો ★ ઈમામઝાદા કાસિમનો મકબરો ★ બીબી શેરબાનુની કબર ★ બેહિશ્તે ઝહરા કબ્રસ્તાન ★ આયતુલ્લાહ ખુમૈની રહ.નો મકબરો.

**નેશાપુરની ઝિયારતોઃ**

★ કદમગાહ ઈમામ રઝા અ. ★ અત્તાર નેશાપુરીની કબર ★ ઉમર ખય્યામની કબર ★ ઈમામઝાદા મહરૂકની કબર ★ ફિરદોસીનો બાગ અને કબર ★ હારૂન રશીદનું કેદખાનું

**મશહદની ઝિયારતોઃ**

**ઈમામ અલી રઝા અ.નું હરમ મુબારકઃ** ★ મસ્જીદે ગોહરશાદ ★ ઈમામઝાદા સુલતાન અહેમદનો રોઝો ★ બસ્તે શેખે બહાઈ (મસ્જીદે ગોહરશાદ અને સહેને જમ્હુરીએ ઈસ્લામની વચ્ચે) ★ બસ્તે તબરસી (ઈસ્લામી વિશ્વ વિદ્યાલય અને આસ્તાને કુદ્દસની વચ્ચે) ★ સહેને ઈન્કિલાબ ★સહેને જમ્હુરી ઈસ્લામી ★ સહેને કુદ્દસ ★ સેહને આયતુલ્લા ખુમૈની (ર.અ.) ★ સહેને આઝાદી ★ ઈમામ રઝા અ.નો ગુંબજ ★ અલ્લાહ વર્દીખાન ગુંબજ ★ હાતમખાની ગુબજ ★સોનેરી ગુંબજ ★ મિનારાઓ ★ નક્કારખાના (નયારાઓ રાખવાનું સ્થાન) ★ સક્કાખાના (પાણીની પરબ) ★ સાઅત (ઘડિયાળ) ★ દારૂલ હુફ્ફાઝ (હાફિઝે કુરઆનની જગ્યા) ★ દારૂલ સયાદાહ ★ બાલાએસર



https://downloadshiabooks.com/

મસ્જીદ ★ દારૂલ રેહમત ઈવાન ★ આસ્તાને કુદ્સનું સંગ્રશ સ્થાન (મ્યુઝીયમ) ★ કુરઆને કરીમનું (મ્યુઝીયમ) ★ ટપાલ ટિકિટોનું મ્યુઝીયમ ★ આસ્તાને કુદ્સ લાયબ્રેરી ★ આસ્તાને કુદ્સ મહેમાન સરા (દસ્તરખાન) ★ શેખે હુર્રે આમલી ★ શેખે તબરસી.

**મશહદની અતરાફની ઝિયારતોઃ**

★ બેહિશ્તે રઝા અ. ★ ખ્વાજા મુરાદનો મકબરો ★ ખ્વાજા રબીનો મકબરો ★ ખ્વાજા અબાસલ્તે હરવીનો રોઝો ★ પીર પાલાન દોઝનો મકબરો ★ ખશ્તી ગુંબજ ★ લીલી (સબ્ઝ) ગુંબજ ★ મુસલ્લા મશહદ ★ ઈમારત આખનજાન ★ નાદિરનો મકબરો ★ ફિરદૌસી મકબરો.

## ૧૦. ઈરાકની ઝિયારતો

**નજફે અશરફ હરમ મુબારક હઝરત અલી અ.ની ઝિયારતોઃ**

★ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.ની કબર ★ હઝરત આદમ અ.ની કબર ★ હઝરત નૂહ અ.ની કબર ★ અલ્લામા યુસુફ બિન મઝાહિર હિલ્લી રહ.ની કબર ★ અલ્લામા મુકદ્દસે અર્દબેલી રહ.ની કબર (ઉપરની બંને કબરો હરમના મિનારામાં છૂપાએલી છે.)



https://downloadshiabooks.com/

**હરમ મુબારકની બહારઃ**

★ મકામે ઈમામ ઝયનુલ આબેદીન અ. ★ અલ્લામા શેખ અબુ જાફર તુસી રહ.નો મકબરો ★ આયતુલ્લાહ ખુઈ રહ.ની કબર અને મસ્જીદ

**નજફેઅશરફ-વાદીઉસ્સલામઃ**

★ હઝરત હુદ અ.નો મકબરો ★ હઝરત સાલેહ અ.નો મકબરો ★ મકામે ઈમામે જાફરે સાદિક અ. ★ મકામે ઈમામે ઝમાના અ.

**કુફાઃ**

★ મસ્જીદે કુફા ★ મહેરાબ અને મિમ્બર હઝરત અલી અ. ★ પયગમ્બરો અને અઈમ્મા અ.ના મુસલ્લા ★ તૂફાને નૂહની શરૂઆત થઈ તે જગ્યા. ★ હઝરત મુસ્લિમ બિન અકીલનો મકબરો ★ જનાબે અમીર મુખ્તારની કબર ★ જનાબે હાની બિન ઉરવાહનો મકબરો ★ હઝરત અલી અ.નું ઘર ★ જનાબે ખદીજા સ. ઈબ્ને અલી અ.નો મકબરો ★ હઝરત યુનુસ અ.નો મકબરો ★ મસ્જીદે સેહલા ★ ઈમામ જાઅફરે સાદિક અ.નો મુસલ્લો ★ હઝરત ઈબ્રાહીમ અ.નો મુસલ્લો ★ હઝરત ખીઝર અ.નો મુસલ્લો ★ મકામે સાલેહીન ★ ઈમામે ઝયનુલ આબેદીન અ.નો મુસલ્લો ★ મકામે ઈમામે ઝમાન અ.

**કુફા શહેરની આજુબાજુઃ**



https://downloadshiabooks.com/

★ હઝરત કુમયલ બિન ઝીયાદનો મકબરો ★ મસ્જીદે હન્નાના ★ હઝરત ઈબ્રાહીમ ઈબ્ને મુસન્ના ઈમામ હસન અ.નો મકબરો ★ જનાબે મીસમે તમ્મારનો મકબરો ★ મસ્જીદે ઝયદ અને મસ્જીદે સઅાસા

**હિલ્લાની ઝિયારતોઃ**

★ જનાબે હમ્ઝા બિન હસન બસ્ન અબ્દુલ્લાહનો રોઝો ★ જનાબે કાસિમ ઈબ્ને હઝરત ઈમામ મુસા કાઝિમ અ.નો રોઝો ★ નબી અય્યુબ અ.નું ઘર અને કૂવો ★ નબી અય્યુબ અ.નો મકબરો ★ નબી દાનિયાલ અ.ની મઝાર ★ હઝરત નબી ઝુલકિફલ અ.નો મઝાર ★ મકામે ઈમામે ઝમાન અ. ★ મસ્જીદે રદ્દે શમ્સ

**કાઝમૈનની ઝિયારતોઃ**

★ ઈમામ મુસા કાઝિમ અ.ની કબર મુબારક ★ ઈમામ મોહંમદ તકી અ.ની કબર મુબારક ★ જનાબે શેખ મુફિદ અ.ર.ની કબર ★ જનાબે નસીરૂદ્દીન તુસી અ.ર.ની કબર ★ સય્યદ મુરતઝા અ.ર.નો મકબરો ★ સૈયદ રઝી અ.ર.નો મકબરો

**સામર્રાની ઝિયારતોઃ**

★ હઝરત ઈમામ અલી નકી અ.ની કબર મુબારક ★ ઈમામ હસન અસ્કરી અ.ની કબર મુબારક ★ જનાબ



https://downloadshiabooks.com/

હલીમાખાતુન સ.ની કબર મુબારક ★ જનાબે નરજીસખાતુન સ.ની કબર મુબારક ★ મકામે ગયબતે ઈમામે ઝમાન અ.

**બલદની ઝિયારતોઃ**

★ સય્યદ મોહંમદ બિન ઈમામ અલી નકી અ.નો રોઝો

**બગદાદની ઝિયારતોઃ**

★ ઈમામે ઝમાન અ.ના નાયબોની કબરો ★ જનાબે કમ્બરની મઝાર ★ મસ્જીદે બરાસા ★ અહલે સુન્નતના ઈમામ અબુ હનીફાની મઝાર ★ શેખ અબ્દુલ કાદિર જિલાનીની કબર

**મદાએનની ઝિયારતોઃ**

★ જનાબે સલમાન ફારસી અ.ર.ની કબર ★ જનાબે હોઝયફા યમાનીની કબર ★ જનાબે જાબીર ઈબ્ને અબદુલ્લાહ અન્સારીની કબર ★ જનાબે મોહંમદ તાહિર ફરઝંદે ઈમામે ઝયનુલ આબેદીન અ.ની કબર ★ તા કે કિસરા અને મ્યુઝિયમ

# ૧૧. સીરિયાની ઝિયારતો

**સીરિયા-દમાશ્કસ (શામ):**

★ હરમ જનાબે ઝયનબ સ. ★ મસ્જીદ ઈમામ ખુમૈની અ.ર. ★ મકબરા મુઆવિયા સગીર (મુઆવિયા ઈબ્ને યઝીદ)

**મસ્જીદ જામેઅ અમવી (દરબારે શામ)ની આસપાસની ઝિયારતોઃ**



https://downloadshiabooks.com/

★ ચાર મઝહબોના મહેરાબ ★ મીમ્બર (જયાં ઈમામ ઝયનુલ આબેદીન અ. ખુત્બો પઢ્યા હતા) ★ મકામ હઝરત હુદ અ. ★ મકામ હઝરત ખીઝર અ. ★ રોઝએ હઝરત યહ્યા અ. ★ હઝરત ઈસા અ.ના નુઝુલની જગ્યા ★ ગુસ્લ તઅમીદની જગ્યા ★ મકામ ઈમામ ઝયનુલ આબેદીન અ. ★ ઈમામ હુસૈન અ.નું મુબારક મસ્તક રાખવામાં આવેલ તે જગ્યા. ★ હરમ જ. સકીના બિન્તે હુસૈન અ.

**કબ્રસ્તાન બાબુસ્સગીરની ઝિયારતોઃ**

★ જનાબે ઉમ્મે સલમા (પયગમ્બર સ.ની પત્ની) ★ જનાબે ઉમ્મે હબીબા (પયગમ્બર સ.ની પત્ની) ★ જનાબે અબ્દુલ્લાહ ફરઝન્દે ઈમામ સાદિક અ. ★ અબુ મોહંમદ અબ્દુલ્લાહ બાહિર (ફરઝંદે ઈમામે સજ્જાદ અ.) ★ જનાબે ઉમ્મે કુલસુમ બિન્તે અલી અ. ★ જનાબે રૂકૈયા (સકીના) બિન્તુલ હુસૈન અ. ★ જનાબે ફાતેમા સુગરા દુખ્તરે ઈમામ હુસૈન અ. ★ જનાબે હમીદા બિન્તે મુસ્લીમ ઈબ્ને અકીલ ★ જનાબે મયમુના દુખ્તર ઈમામ હસન અ. ★ જનાબે અસ્મા બિન્તે ઓમૈસ ★ જનાબે અબ્દુલ્લાહ બિન જાઅફર (જ.ઝયનબ સ.ના પતિ) ★ જનાબે ફિઝઝાનો મકબરો ★ જનાબ બિલાલ હબ્શી (રસુલેખુદા સ.ના મોઅઝઝીન) ★ જનાબે અબ્દુલ્લા બિન ઉમ્મે મકતુમ (રસુલેખુદા સ.ના મોઅઝઝીન)



https://downloadshiabooks.com/

★ મુઆવિયા ઈબ્ને સુફિયાન લાઅનતુલ્લાહનો મકબરો પણ બાબુસ્સગીરમાં છે. ★ મકામે રાસુલ શોહદા (શોહદાએ કરબલામાંથી ૧૬ શહીદોના મુબારક મસ્તકો)

**કાસ્યુન પહાડ (એક):**

★ હઝરત આદમ અ.ના દિકરા જનાબે હાબિલ અ.ની કબર મુબારક ★ મગારતુલ જુઅ યા અરબઈન (૪૦ પ૦ગમ્બરોના મુસલ્લાઓ) ★ પહાડના બે કાણાઓમાંથી નીકળી રહેલું પાણી ★ શહીદ હુજર બિન અદી અને તેમના દોસ્તોની મઝાર

**કાસ્યુન પહાડ (બે):**

★ કોહે કાફ ★ અસ્હાબે કહ્ફની કબરો ★ મસ્જીદે સુલેમાન ★ હઝરત અલી અ.મે પોતાની આંગળીથી પહાડ પર કોતરેલા હસ્તાક્ષર

**હલબની ઝિયારતો:**

★ રાસુલ હુસૈન અ. (ઈમામ હુસૈન અ.નું સર મુબારક રાખવામાં આવેલ તે જગ્યા) ★ મશહદુલ મોહસીન બિન હુસૈન અ. રોઝો ★ જનાબે ઝકરિયા પયગમ્બરની કબર મુબારક ★ ઓલમાએ શીઆની મુબારક કબરો

**રક્કાની ઝિયારતો:** ★ મયદાને સિફ્ફિન ★ જનાબ ઓવૈશ કરનીનો રોઝો ★ જનાબે અમ્મારે યાસીરનો રોઝો ★ ઓબેદ બિન કાબ ર.અ.નો રોઝો



https://downloadshiabooks.com/